UGVCL

# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૪૧, જૂન - જુલાઈ ૨૦૧૭



## માનનીય ઊર્જામંત્રી શ્રી ચીમનભાઈ સાપરીયાની અધ્યક્ષતામાં
# ગાંધીનગર ખાતે પરામર્શ બેઠકનું આયોજન




## વીજ ગ્રાહકોના પ્રશ્નોના નિકાલ માટે લોક દરબારનું આયોજન



## UGVCL દ્વારા ત્રીજા આંતરરાષ્ટ્રીય 'વિશ્વ યોગ દિવસ' ઉજવણી

# આ અંકમાં


**વર્ષ–૬ અંક–૪૧,**
**જૂન – જુલાઈ ૨૦૧૭**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**

**સંરક્ષક**
શ્રી બી.એ. શાહ, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી આર. બી. શુક્લ, સિનિયર આસિસ્ટન્ટ

**તંત્રી મંડળ**
શ્રી એ. કે. મંગલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એ. કે. મંગલ, ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી વી. એમ. શ્રોફ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એચ. ડી. રાઠોડ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી એસ. પી. વૈદ્ય, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી એલ. એ. ગઢવી, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રૂફરીડિંગ :**
શ્રી પ્રણય વાવડીયા, નાયબ અધિક્ષક (સેક્રેટરિયલ)

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


### આ અંક આપને કેવો લાગ્યો?

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
rbshukla.cccell@gmail.com
cccell@ugvcl.com

## આ અંકમાં


**પ્રવૃત્તિ**

» ગાંધીનગર ખાતે પરામર્શ બેઠકનું આયોજન........ ૦૪

**એવોર્ડ**

» યુજીવીસીએલના એકાઉન્ટ્સ ઓફિસર 'સીએમએ યંગ એચિવર-૨૦૧૬' એવોર્ડથી સન્માનિત........... ૦૫

**લોક દરબાર**

» વીજ ગ્રાહકોના પ્રશ્નોના નિકાલ માટે લોક દરબારનું આયોજન........................... ૦૬

**ઉજવણી**

» યુજીવીસીએલ દ્વારા ત્રીજા આંતરરાષ્ટ્રીય 'વિશ્વ યોગ દિવસ' ઉજવણી....................... ૦૭

» યુજીવીસીએલની રજીસ્ટર્ડ કચેરી મહેસાણા ખાતે 'એન્ટી ટેરરિઝમ ડે'ની ઉજવણી.................. ૦૯

» વીજ સલામતી સપ્તાહ - એક સંદેશ............... ૧૦

**કંપની સમાચાર**

» નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન કંપનીએ કર્યુ પ્રશંશનીય પ્રદર્શન.................... ૧૧

**વિદાય**

» નિવૃત્ત થનાર કર્મચારીઓનો વિદાય સમારંભ....... ૧૨

**સ્પોર્ટ્સ**

» યુજીવીસીએલ દ્વારા બારમી ઈન્ટર સર્કલ કેરમ ટૂર્નામેન્ટનું આયોજન......................... ૧૪

» બારમી ઈન્ટર સર્કલ બ્રીજ ટૂર્નામેન્ટ................ ૧૫

**ગૌરવ**

» યુજીવીસીએલ પરિવારનું ગૌરવ.................... ૧૫

# સંદેશ



**મને આનંદ છે કે આપણે માનવંતા ગ્રાહકો પ્રત્યેની આપણી જવાબદારીઓ તથા રાષ્ટ્ર પ્રત્યેની આપણી સમર્પિતતાની સાથોસાથ આપણે પરિવાર અને પોતાની જાત પ્રત્યેની જવાબદારી... આમ વિવિધ સ્તરની આપણી ફરજો એક સાથે સુપેરે બજાવી રહ્યા છીએ.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

પાછલા એક-બે માસ આપણા સૌ માટે એકદમ વિવિધતાભર્યા રહ્યા!

એક તરફ, માનનીય ઊર્જામંત્રીશ્રીના માર્ગદર્શનમાં આપણે, વીજ સંબંધિત કામગીરી માટે માનનીય સંસદસભ્યશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓ સાથે કંપનીઓના ઉચ્ચ અધિકારીઓએ ઊંડાણપૂર્વક પરામર્શ કર્યો તો બીજી તરફ, એ જ પહેલને આગળ ધપાવતાં આપણે માનવંતા ગ્રાહકોના વીજસંબંધિત પ્રશ્નોના ઉકેલ માટે અનેક લોક દરબારોનું આયોજન કર્યું.

એ પહેલાં આપણે જૂન માસમાં વીજ સલામતી સપ્તાહનું આયોજન કર્યુ અને તેની સાથોસાથ, એ જ માસમાં વિશ્વ યોગ દિનની પણ ઉમંગભેર ઉજવણી કરી. ત્યાર પછી દેશમાં માથું ઊંચકતા ત્રાસવાદના મક્કમ વિરોધ માટે આપણે સૌએ એન્ટી ટેરરિઝમ ડેની પણ ઉજવણી કરી અને આતંકવાદ સામે સઘન લડત આપવાના શપથ લીધા.

મિત્રો, મને આનંદ છે કે આપણે માનવંતા ગ્રાહકો પ્રત્યેની આપણી જવાબદારીઓ તથા રાષ્ટ્ર પ્રત્યેની આપણી સમર્પિતતાની સાથોસાથ આપણે પરિવાર અને પોતાની જાત પ્રત્યેની જવાબદારી... આમ વિવિધ સ્તરની આપણી ફરજો એક સાથે સુપેરે બજાવી રહ્યા છીએ.

આ દરમિયાન, ફરી એક વાર ચોમાસાને કારણે આપણે વિકટ સંજોગોમાં ફરજ બજાવવાની આવી. સમગ્ર ગુજરાત તથા ખાસ કરીને આપણા કાર્યક્ષેત્ર ઉત્તર ગુજરાત અને રાજસ્થાનમાં માઉન્ટ આબુમાં આવેલા અતિ ભારે, વિક્રમ સર્જક વરસાદને કારણે ફરીથી પૂરની સ્થિતિનો સામનો કરવાનો થયો. કુદરતના કહેર સામે મથામણ કરીને, આપ સૌએ રાતદિવસ જોયા વિના, અસરગ્રસ્તોની તકલીફો ઓછી કરવા માટે સંપૂર્ણ નિષ્ઠા અને સમર્પણ સાથે વીજપુરવઠો પૂર્વવત કરવા જે પરિશ્રમ કર્યો છે એ માટે આપ સૌ - તમામ કર્મચારી ભાઈ-બહેનો, અધિકારીઓ અને આપના પરિવારજનો - અભિનંદનના અધિકારી છો.

રાષ્ટ્ર અને ફરજ પ્રત્યે આપનું આવું સમર્પણ સતત જળવાઈ રહે એવી શુભેચ્છાઓ સાથે,

**બી.એ. શાહ,** આઇએએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# ગાંધીનગર ખાતે પરામર્શ બેઠકનું આયોજન

**માનનીય ઊર્જામંત્રી શ્રી ચીમનભાઈ સાપરીયાની અધ્યક્ષતામાં સંસદસભ્યશ્રી-ધારાસભ્યશ્રી પરામર્શ બેઠકનું આયોજન કરવામાં આવેલ**





માનનીય ઊર્જામંત્રી શ્રી ચીમનભાઈ સાપરીયાની અધ્યક્ષતામાં સંસદસભ્યશ્રી-ધારાસભ્યોશ્રી સાથે પરામર્શ બેઠકનું તા. ૧૭/૦૫/૨૦૧૭ના રોજ બપોરે ૩ કલાકે વી.આઈ.પી. કોન્ફરન્સ હોલ, થર્મલ પાવર સ્ટેશન, ગાંધીનગર ખાતે આયોજન થયેલ, જેમાં માનનીય ઊર્જામંત્રી શ્રી ચીમનભાઈ સાપરીયા, માનનીય સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ શ્રી કેશાજી ચૌહાણ ઉપસ્થિત રહેલ.

માનનીય મંત્રીશ્રીએ તમામ ધારાસભ્યશ્રી/સંસદસભ્યશ્રી અને ઉપસ્થિત અધિકારીઓને આવકારેલ અને તા. ૩૦/૦૧/૨૦૧૭ની પરામર્શ બેઠકમાં થયેલ કામગીરીની સમીક્ષા કરેલ. તદ્ઉપરાંત માનનીય ઊર્જા મંત્રીશ્રી દ્વારા વિવિધ ચર્ચા અને સૂચનો કરવામાં આવેલ.

ઊર્જા મંત્રીશ્રીએ પોતાના ઉદ્બોધનમાં જણાવેલ કે ગામતળ સિવાયના વિસ્તારમાં આવેલ તબેલા, એગ્રો, ઈન્ડસ્ટ્રીઝ, તમાકુની ખળી, પોલ્ટ્રીફાર્મને ઝડપથી વીજ પુરવઠો આપવાની કાર્યવાહી નવીન પરીપત્રની જોગવાઈ મુજબ કરવી અને તલોદ શહેરને અલગથી નવીન ફીડર કરી અવિરતપણે ૨૪ કલાક વીજપુરવઠો મળી રહે તેવી વ્યવસ્થા કરવી અને ખેતીવાડી જમીન પર માંગણી કરેલ વારીગૃહને નિયમ પ્રમાણે વીજજોડાણ આપવાની કાર્યવાહી કરવી. ખેતીવાડી વિસ્તારમાં વીજ લાઈન નાખતી વખતે ખેડૂતની જમીનનો બગાડ ન થાય તેની તકેદારી રાખવી. કોઈ પણ શહેર કે ગામમાં લો-વોલ્ટેજની ફરિયાદનું નિરાકરણ કરવું અને ખેતીવાડી ગ્રાહકો માટે સ્વૈચ્છિક લોડ વધારવા ૨૦૧૭ની યોજનાનો ખેડૂતો મહત્તમ લાભ મેળવે તેવું આયોજન કરવું.

વધુમાં જણાવેલ કે સરકારી પ્રાથમિક શાળામાંથી લાઈન કે થાંભલો ઝડપથી દૂર કરવો તથા સરકારીશ્રી દ્વારા ફાળવેલ મકાનોને વિવિધ યોજનાનો લાભ આપી તાત્કાલિક વીજ જોડાણ આપવા અને વીજ કંપનીના કાર્યક્ષેત્રમાં આવેલ ટ્રાન્સફોર્મરને ફરતે જે ફેન્સીંગ બનાવેલ છે તેની અંદર ખૂબ જ મોટા પ્રમાણમાં કચરો ભેગો થઈ જતો હોવાથી તેનો તાત્કાલિક ધોરણે નિકાલ કરાવવો અને કપંની દ્વારા ખરીદવામાં આવતા માલસામાનની ગુણવત્તા જળવાઈ રહે તેની અધિકારીએ તકેદારી રાખવી, તેમજ સરકારશ્રીની સોલાર રૂફટોપ યોજનાનો પ્રચાર વિસ્તાર મોટા પ્રમાણમાં થાય તે માટે ખાસ ઝુંબેશ હાથ ધરવી અને વીજચેકિંગ માટે ફોટોગ્રાફી/વીડિયોગ્રાફીનો અવશ્યક ઉપયોગ કરવો જેવા અન્ય મુદ્દાઓ પર ઊર્જામંત્રીએ સૂચનો આપીને માહિતગાર કર્યા હતા. ■

# યુજીવીસીએલના એકાઉન્ટ્સ ઓફિસર ‘સીએમએ યંગ એચિવર-૨૦૧૬’ એવોર્ડથી સન્માનિત

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના એકાઉન્ટસ ઓફિસર શ્રી નિરજ જાંગીડને શ્રી અર્જુનરામ મેઘવાલ, માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી, ફાયનાન્સ અને કોર્પોરેટ અફેર્સ, ભારત સરકારના વરદ હસ્તે ‘સીએમએ યંગ એચિવર એવોર્ડ’ એનાયત કરવામાં આવ્યો.

આ એવોર્ડ તેમને પબ્લિક સર્વિસ સેક્ટર (લાર્જ-મેલ) કેટેગરીમાં આપવામાં આવ્યો. આ એવોર્ડ ૧૮મી જુલાઇ, ૨૦૧૭ના રોજ નવી દિલ્હી ખાતે યોજાયેલ ચોથા સીએમએ એવોર્ડ-૨૦૧૬ના સમારંભમાં એનાયત કરવામાં આવ્યો. ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટસ ઓફ ઇન્ડિયાના પ્રમુખ સીએમએ માનસ કુમાર ઠાકુર, આ સમારંભમાં વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.



ભારતના કોસ્ટ અને મેનેજમેન્ટ એકાઉન્ટન્ટસની એક અગ્રણી વ્યાવસાયિક સંસ્થા ધ ઇન્સ્ટિટ્યૂટસ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટસ ઓફ ઇન્ડિયા (આઈસીએઆઈ) દ્વારા રૂપિયા ૨૫ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતી સંસ્થામાં કાર્યરત સીએમએ વ્યાવસાયિકો તરફથી સીએમએ એવોર્ડ-૨૦૧૬ માટે નામાંકન આમંત્રિત કરવામાં આવ્યાં હતાં. સીએમએ એવોર્ડ્ઝ ભારતીય ઉદ્યોગોને કોસ્ટની દૃષ્ટિએ સ્પર્ધાત્મક અને મજબૂત બનાવવાની દિશામાં કોસ્ટ મેનેજમેન્ટ સંસ્કૃતિ વિકસાવે તે રીતનું યોગદાન આપનારા સીએમએને એનાયત કરવામાં આવે છે.

ભારતીય ઉદ્યોગોમાં કોર્પોરેટ વહીવટમાં સુધારણા કરવી, મૂલ્યોનું સર્જન અને જાળવણી, જોખમો અને અંકુશનું વ્યવસ્થાપન, કાર્યલક્ષી કાર્યક્ષમતાઓ સિદ્ધ, સારી સીએસઆર પ્રવૃત્તિઓને વેગ તથા નવીન કોસ્ટ અને મેનેજમેન્ટ એકાઉન્ટિંગ પ્રેક્ટિસીસનો અમલ જેવી બાબતોને આધારે, કોસ્ટ એકાઉન્ટન્ટની કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

સીએમએ એવોર્ડ ત્રણ કેટેગરીમાં આપવામાં આવે છે : ૧. સીએમએ-સીએફઓ એવોર્ડ ૨. સીએમએ-એચિવર એવોર્ડ ૩. સીએમએ-યંગ એચિવર એવોર્ડ. સીએમએ યંગ-એચિવર એવોર્ડ એવા સીએમએને આપવામાં આવે છે જે સીએફઓનો હોદ્દો ધરાવતા ન હોય પરંતુ ક્વોલિફિકેશન પછી ઓછામાં ઓછા સાત વર્ષનો અનુભવ ધરાવતા હોય તથા ૪૦ વર્ષ કરતાં ઓછી ઉંમરના હોય.

એવોર્ડના વિજેતા પસંદ કરવાની પદ્ધતિ કોસ્ટ મેનેજમેન્ટ સંબંધિત વિવિધ ક્ષેત્રોમાં સીએમએની સિદ્ધિઓ જણાવતા એક પ્રશ્નપત્ર પર આધારિત હોય છે. શ્રી સંજય જાજુ, આઈએએસ, જોઈન્ટ સેક્રેટરી, મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝના વડપણ હેઠળ, નામાંકિત મહાનુભાવોની બનેલી જ્યુરી દ્વારા વિજેતા નક્કી કરવામાં આવે છે.

ઉપરોક્ત એવોર્ડનાં પરિણામો જુલાઇ, ૨૦૧૭ મહિનામાં જાહેર કરવામાં આવ્યાં હતાં અને જ્યુરી દ્વારા સીએમએ નિરજ જાંગીડની પબ્લિક સર્વિસ સેક્ટર-લાર્જ (મેલ) કેટેગરીમાં સીએમએ-યંગ એચિવર તરીકે પસંદગી કરવામાં આવી છે.

એ ખાસ નોંધવા જેવું છે કે યુજીવીસીએલના જનરલ મેનેજર (ફાયનાન્સ) અને સીએફઓ શ્રી આર.બી. કોઠારીને પણ આઇસીએઆઈ દ્વારા ૦૭ જુલાઇ, ૨૦૧૫ના રોજ નવી દિલ્હીમાં બેસ્ટ સીએમએ-સીએફઓ એવોર્ડ-૨૦૧૪થી સન્માનિત કરવામાં આવ્યા હતા. ■

# વીજ ગ્રાહકોના પ્રશ્નોના નિકાલ માટે લોક દરબારનું આયોજન

## રાજ્યની ચારેય વીજ વિતરણ કંપનીઓની પેટા વિભાગની કચેરીઓ ખાતે સ્થળ પર જ પ્રશ્નોનું નિરાકરણ, પ્રશ્નોના નિકાલ માટે ૬૦૦થી વધુ લોક દરબાર યોજાઈ ચૂક્યા છે










સરકારશ્રીના ઊર્જા વિભાગ દ્વારા રાજ્યના વીજ ગ્રાહકના વીજ પ્રશ્નોના ઉકેલ માટે અનેકવિધ પગલાં લેવાયાં છે. જેના અંતર્ગત પ્રશ્નોના નિકાલ માટે ૬૦૦થી વધુ લોક દરબાર યોજાઈ ગયેલ છે. રાજ્યની ચારેય વીજ વિતરણ કંપનીઓની પેટા વિભાગીય કચેરીઓ ખાતે આ રીતે સ્થળ પર જ પ્રશ્નનું નિરાકરણ લાવી દેવામાં આવેલ છે.

જાન્યુઆરીમાં વીજ પ્રશ્નો માટે સંસદસભ્યશ્રીઓ-ધારાસભ્યશ્રીઓ સાથે વીજ કંપનીના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં પ્રથમ રાઉન્ડની બેઠક યોજાઈ હતી. જેમાં રજૂ થયેલ વિવિધ પ્રશ્નો પૈકીના બાકી રહેલા પ્રશ્નો માટે મે માસમાં બીજા રાઉન્ડની બેઠક મળી હતી.

ઉપરોક્ત વીજ ગ્રાહકો માટે તેમના વીજળીના પ્રશ્નોના નિરાકરણ માટે ૬૦૦થી વધુ લોક દરબારો જીયુવીએનએલની પેટા વિભાગીય કચેરી ખાતે યોજાયા. ગ્રાહકોના પ્રશ્નોનો નિકાલ સ્થળ પર જ કરવાની સૂચના તંત્રને આપવામાં આવી હતી.

આમ માનનીય મંત્રીશ્રી, ઊર્જા વિભાગની સૂચના અનુસાર ઉત્તર ગુજરાત વીજ કંપનીના કાર્યક્ષેત્ર હેઠળ આવેલ તમામ પેટા વિભાગીય કચેરી ખાતે લોક દરબારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.




આ લોક દરબારમાં નામ ફેરની અરજીઓને ખાસ પ્રાધાન્ય આપી તેનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવેલ અને જરૂરી આયોજન કરી તેની તાત્કાલિક કાર્યવાહી કરવાનું કહેવામાં આવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની ચારેય વર્તુળ કચેરીઓ ખાતે લોક દરબારનું આયોજન ખૂબ જ સુંદર રીતે પાર પાડવામાં આવેલ.

તા. ૦૪-૦૭-૨૦૧૭ના રોજ કોન્ફરન્સ હોલ, કોર્પોરેટ કચેરી, મહેસાણા ખાતે સવારે ૧૧:૦૦ કલાકે દીપ પ્રગટાવીને લોક દરબારની શરૂઆત કરવામાં આવેલ. જેમાં કંપનીના મુખ્ય ઇજનેર, મહેસાણા, શ્રી એ. કે. મંગલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા, શ્રી કે. ડી. પટેલ અને રૂરલ, ઇન્ડસ્ટ્રીયલ અને શહેરની ઓફિસના નાયબ ઇજનેરશ્રીઓ ઉપસ્થિત રહેલ. આ લોક દરબારમાં ખૂબ જ મોટી સંખ્યામાં ગ્રાહકો પોતાના પ્રશ્નો લઈને આવેલ અને સ્થળ પર જ તેમના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ, જેથી ગ્રાહકોમાં સંતોષ અને ખુશી વ્યાપેલ.

આમ પાટણ, કડી, વિસનગર અને વિજાપુર ખાતે પણ જુલાઈ મહિનામાં જુદી જુદી તારીખે લોક દરબારનું આયોજન થયેલ. તે રીતે પાલનપુર, સાબરમતી અને હિંમતનગર સર્કલની વિભાગીય કચેરીઓ હેઠળની દરેક પે.વિ. કચેરીઓએ પણ લોક દરબારનું આયોજન પાર પાડેલ.

સરકારશ્રીના આ પગલાંથી ગ્રાહકોમાં એક ખૂબ જ સુંદર અને પ્રશંસાને પાત્ર છાપ ઉપસી છે. ■

# યુજીવીસીએલ દ્વારા ત્રીજા આંતરરાષ્ટ્રીય 'વિશ્વ યોગ દિવસ' ઉજવણી

**યુજીવીસીએલની દરેક વર્તુળ કચેરી, વિભાગીય કચેરી, પેટા વિભાગીય કચેરીઓ ખાતે 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવેલ.**



માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રસ્તાવ અનુસાર ગુજરાત સરકારશ્રી તથા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શન મુજબ ૨૧ જૂન ૨૦૧૭ના રોજ ત્રીજા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે યુજીવીસીએલની દરેક વર્તુળ કચેરી, વિભાગીય કચેરી, પેટા વિભાગીય કચેરીઓ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી. એ. શાહ (આઈએએસ)ના અધ્યક્ષ સ્થાને મહેસાણા યુજીવીસીએલના કેમ્પસ ખાતે ૨૧ જૂન, સવારે ૭થી ૮ કલાક દરમિયાન યોગ શિક્ષક શ્રી જીતેન્દ્રભાઈ પુરોહિત દ્વારા યોગ શિબિરનું સંચાલન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં મહેસાણા કોર્પોરેટ ઓફિસ, મહેસાણા વર્તુળ કચેરી, મહેસાણા વિભાગીય કચેરી અને મહેસાણા ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીઓના તમામ અધિકારીઓ અને કર્મચારીગણ ઉપસ્થિત રહેલ.




યોગ શિક્ષક દ્વારા જુદાં જુદાં યોગના આસનો કરાવવામાં આવેલ અને પ્રાણયામની સમજણ આપવામાં આવેલ તથા યોગ દ્વારા થતાં લાભો વિશે વિસ્તૃત માહિતી આપેલ.

યોગ શિક્ષકે જણાવેલ કે યોગથી શરીર અને મનની તંદુરસ્તીમાં ઘણો જ વધારો થાય છે.

## આ યોગ શિબિરમાં ઉપસ્થિત...

- માનનીય મેનેજિંગ ડિરેક્ટર, શ્રી બી. એ. શાહ (આઈએએસ)
- જનરલ (ફાઈનાન્સ), એન્ડ સી.એફ.ઓ., શ્રી આર. બી. કોઠારી
- કંપની સેક્રેટરી, શ્રી એન. એમ. જોષી
- ઈન્ચાર્જ મુખ્ય ઈજનેર (ઓપી), શ્રી પી.બી. પંડયા
- ઈન્ચાર્જ મુખ્ય ઈજનેર (પી.એન્ડ.પી), શ્રી એન. સી. મકવાણા
- વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ), શ્રી પી.જે. ત્રિવેદી
- વિશેષ જનરલ મેનેજર (એચ.આર), શ્રી એ. સી. પ્રજાપતિ
- અધિકારીશ્રીઓ, કર્મચારી ભાઈઓ-બહેનો તથા કર્મચારીના પરિવારજનો

આમ એક સુંદર કાર્યક્રમનું આયોજન પાર પાડવામાં આવેલ. ત્યાર બાદ લીંબુ સરબત અને અલ્પાહાર લઈને કાર્યક્રમનું સમાપન કરવામાં આવેલ.

ઉપરોક્ત કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી મોમ્ટેક્ષભાઈ મોદી (એચઆર) અને શ્રી વી.એસ. મકવાણા (લિગલ)નો મહત્ત્વનો ફાળો હતો.





## પાલનપુર ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી

ઉ.ગુ.વિ.કં.લી.ની વર્તુળ કચેરી પાલનપુર ખાતે અધિક્ષક ઈજનેર શ્રી એલ. એ. ગઢવીના અધ્યક્ષ સ્થાને ૨૧ જૂન ૨૦૧૭ના રોજ વિશ્વ યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ.

પાલનપુર વર્તુળ કચેરીના પટાંગણમાં તારીખ ૨૧-૦૬-૨૦૧૭ના સવારે **૬:૩૦થી ૮** કલાક સુધી યોગ શિક્ષક શ્રી જયેશભાઈ એસ. પ્રજાપતિ (વિદ્યામંદિર સ્કૂલ, પાલનપુર) દ્વારા યોગ વિશે શિક્ષણ આપવામાં આવેલ. જેમાં વર્તુળ કચેરી પાલનપુર, પાલનપુર વિભાગીય કચેરી-૧ અને ૨ તથા પાલનપુર, ખાતે આવેલ પાલનપુર હાઈ-વે/ રૂરલ/ શહેર પેટા વિભાગીય કચેરીના અધિકારીશ્રીઓ તથા કર્મચારીભાઈઓ અને બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

ઉપરોક્ત કાર્યક્રમની ઉજવણીના અંતે વર્તુળ કચેરી, પાલનપુરના કાર્યપાલક ઈજનેર શ્રી જી. ડી. પટેલ દ્વારા વ્યસન મુક્તિ બાબતે સંકલ્પ લેવડાવવામાં આવેલ. તેમ જ અધ્યક્ષ શ્રી ગઢવી દ્વારા જીવનમાં યોગ કઈ રીતે ઉપયોગી નીવડે છે તે તેમ જ વિશ્વ યોગ દિવસ બાબતે વિસ્તૃત સમજ આપવામાં આવેલ. ત્યાર બાદ અધ્યક્ષશ્રીની અનુમતિથી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ. ■

# યુજીવીસીએલની રજીસ્ટર્ડ કચેરી મહેસાણા ખાતે 'એન્ટી ટેરરિઝમ ડે'ની ઉજવણી



ગૃહ વિભાગના તા. ૧૯/૦૫/૨૦૧૭ના પત્રના અનુસંધાને યુજીવીસીએલ નિગમિત કચેરી મહેસાણા દ્વારા તા. ૨૨/૦૫/૨૦૧૭ના રોજ એન્ટી ટેરરિઝમ ડેની ઉજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહેસાણા સ્થિત યુજીવીસીએલની દરેક કચેરીના અધિકારીઓ અને કર્મચારી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

સમસ્ત કર્મચારીગણ નિર્ધારિત સમયે યુજીવીસીએલની રજીસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરીના કોન્ફરન્સ હોલ, મહેસાણા ખાતે માનનીય મેનેજિંગ ડિરેક્ટર, શ્રી બી. એ. શાહ (આઈએએસ), મુખ્ય ઈજનેર (ઓપી), શ્રી અશોક મંગલ, જનરલ મેનેજર (ફાઈનાન્સ), શ્રી આર. બી. કોઠારી, વિશેષ મહા પ્રબંધક(એચ.આર.), શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ), શ્રી પી. જે. ત્રિવેદી, વિશેષ મુખ્ય ઈજનેર (પીએન્ડપી), શ્રી એન. સી. મકવાણા, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક), શ્રી પી. બી. પંડ્યા તેમજ અન્ય અધિકારીશ્રી અને દરેક કર્મચારી ભાઈઓ અને બહેનો દ્વારા આતંકવાદ નાબુદી વિશે ચર્ચા-વિચારણા કરવામાં આવેલ અને ત્યાર બાદ માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીના વરદ હસ્તે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને આતંકવાદ અને હિંસાનો મક્કમ વિરોધ કરવા તેમજ સમાજમાં શાંતિ, સદ્‌ભાવના જાળવી રાખવા નિષ્ઠાપૂર્વક શપથ ગ્રહણ કરવામાં આવેલ.

**શપથ :** "હમ ભારતવાસી અપને દેશકી અહિંસા એવંમ સહનશીલતા કી પરંપરા મેં દ્રઢ વિશ્વાસ રખતે હૈં ઔર નિષ્ઠાપૂર્વક શપથ લેતે હૈં કી હમ સભી પ્રકાર કે આતંકવાદ ઔર હિંસા કા ડટ કર વિરોધ કરેંગે, હમ માનવ જાતિ કે સભી વર્ગો કે બીચ શાંતિ, સામાજિક સદ્‌ભાવ ઔર સુઝબૂઝ કાયમ કરને ઔર માનવ જીવન મૂલ્યાંકો ખતરા પહુંચાનેવાલી ઔર વિઘટનકારી શક્તિઓં સે લડને કી ભી શપથ લેતે હૈં"

આમ એન્ટી ટેરરિઝમ ડેનું એક સુંદર આયોજન થયેલ અને પછી કાર્યક્રમનું સમાપન કરવામાં આવેલ. ■

## પૂર પીડીતોને સહાય

**યુજીવીસીએલ મહેસાણા કોર્પોરેટ ઓફિસ, એચ. આર.ના એડી. જનરલ મેનેજર શ્રી એ. સી. પ્રજાપતીની આગેવાનીમાં પૂર પીડીતોને સહાય માટે સમગ્ર એચ. આર.ની ટીમ દ્વારા વાસણ અને સ્ત્રી-પુરૂષોના કપડાની કીટો તૈયાર કરવામાં આવેલ અને તાત્કાલીક ધોરણે બનાસકાંઠા ખાતે સહાય રવાના કરવામાં આવેલ.**



# વીજ સલામતી સપ્તાહ - એક સંદેશ

યુજીવીસીએલ દ્વારા તા. ૦૧-૦૬-૨૦૧૭થી ૦૭-૦૬-૨૦૧૭ સુધી વીજ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવેલ. જેમાં યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી. એ. શાહ (આઈએએસ) દ્વારા સમગ્ર કર્મચારી મિત્રોને એક સંદેશ પાઠવવામાં આવેલ. જે અક્ષરઃ નીચે મુજબ છે.

‘‘વ્હાલા કર્મચારી મિત્રો,

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા તારીખ ૦૧-૦૬-૨૦૧૭થી ૦૭-૦૬-૨૦૧૭ સુધી વીજ સલામતી સપ્તાહ ઉજવાઈ રહેલ છે તેના ઉપલબ્ધમાં આપ સર્વને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું.

મિત્રો, આપણા કાર્યક્ષેત્રના તમામ વિસ્તારોમાં સતત અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવાની કામગીરીઓ માટે આપ સૌ મહત્ત્વની ભૂમિકા અદા કરી રહ્યા છો, વીજ વિતરણ અંગેની કામગીરીઓમાં ગ્રાહકોનો વિશ્વાસ વધે તથા વિક્ષેપની ફરિયાદોમાં ઘટાડો થાય તે માટે આપણે પ્રયત્નશીલ છીએ.

પરંતુ, વીજ પ્રવાહ સાથેની આ કામગીરીમાં જો સાવચેતી ન રાખીએ તો તે બાબત અકસ્માત નોતરે છે તેમ જ જીવલેણ પણ બની શકે છે. વધુ પડતો આત્મવિશ્વાસ, ઉતાવળ, સલામતીના સાધનોનો ઉપયોગ કરવાની અવગણના



અને કામકાજ પ્રત્યેની નિષ્કાળજીના કારણે વીજ અકસ્માતની શક્યતાઓ વધતી હોય છે. કંપની આવા વીજ અકસ્માતો ઘટાડવા બાબતે ખૂબ જ ચિંતનશીલ છે.

આપ સર્વે કંપનીની અમૂલ્ય



અસ્કયામત છો. આપ સૌની સલામતી એ કંપનીની અગ્રિમ જરૂરિયાત છે.

અકસ્માતના કારણે થયેલ ઈજા કે જાનહાની સમગ્ર પરિવાર માટે અસહ્ય હોય છે. આ તબક્કે મારી આપને નમ્ર અપીલ છે કે સલામતીના સાધનોનો કાળજીપૂર્વક ઉપયોગ કરીને સાવધાનીપૂર્વક કામ કરશો. મેન્ટેનન્સ, રીપેરીંગ વગેરેની કામગીરી કરતી વખતે સલામતીનાં સાધનોનો અચૂક ઉપયોગ કરવા તથા સલામતી વિષયક સૂચનાઓનું ચુસ્ત પાલન કરવા હું ભારપૂર્વક અનુરોધ કરું છું. તેમ કરવાથી ચીવટપૂર્વક કામ પૂર્ણ થશે અને સલામત કામગીરીનો સંતોષ પ્રાપ્ત થશે અને અકસ્માત/અનિચ્છનીય બનાવ નિવારી શકાશે.

હું ઈચ્છુ છું કે આપણા વીજ પરિવારનો પ્રત્યેક સભ્ય દરરોજ સવારે હોંશભેર પોતાના કામે જાય અને સાંજે સહી સલામત પોતાના પરિવાર પાસે પાછો આવે.

મિત્રો, આ વાત માત્ર વીજ સલામતી સપ્તાહ પૂરતી જ સીમિત ન રાખતાં, તેનો કાયમ માટે અમલ કરવાનો છે. જેથી વીજ સલામતી સપ્તાહની ઉજવણીનો આપણો કાર્યક્રમ સફળ થશે અને આ સફળતાના આપ હંમેશના યશભાગી બનશો તેવી અભ્યર્થના રાખું છું.’’

આમ મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી. એ. શાહ (આઈએએસ)ના સંદેશને દરેક કર્મચારી અમલમાં મૂકશે તો કર્મચારીના જીવનની સલામતી ચોક્કસ જળવાઈ રહેશે. ■

# નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન કંપનીએ કર્યું પ્રશંશનીય પ્રદર્શન

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના ટેક્નિકલ સેક્શન દ્વારા તા. ૦૫-જૂન-૨૦૧૭ના રોજ માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી. એ. શાહ તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ સમક્ષ રજુ કરાયેલ એક અહેવાલમાં નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન કંપનીનું પ્રદર્શન કેવું રહ્યું તેનો વાર્ષિક રિપોર્ટ રજુ કરવામાં આવ્યો હતો.

આ રિપોર્ટ મુજબ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ની સરખામણીએ વર્ષ નાણાકીય ૨૦૧૬-૧૭ દરમિયાન ટી. એન્ડ ડી. લોસમાં નોંધપાત્ર ઘટાડો જોવામાં આવ્યો હતો, જે નીચે મુજબ છે.

| Sr. No | Description | Year 2015-16 | Target 2016-17 | Year 2016-17 |
|---|---|---|---|---|
| 1 | T&D Losses( Including EHT ) | | | |
| | Over all % losses (of all feeders) | 11.04 | | 8.18 |
| | Over all % losses of Non Ag. | 7.74 | | 7.49 |
| | Overall % Losses of JGY Feeders | 20.59 | 20.07 | 20 |
| | Overall % Losses of Ag. Dom. Feeders | 14.63 | 13.17 | 9.02 |
| | Overall % Losses of other than AG and JGY | 2.97 | 3.54 | 3.00 |
| | Overall % losses of HT feeders | 1.34 | | 1.48 |
| | Overall % losses of Ind. Feeders | 1.76 | | 2.23 |
| | Overall % losses of Urban feeders | 8.37 | | 8.10 |
| | Overall % losses of GIDC feeders | 1.74 | | 1.94 |

નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન કંપની દ્વારા ૬,૬૫,૫૮૨ વીજ જોડાણોનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન કુલ ૨૬,૮૯૦ કુવાઓમાં વિદ્યુતીકરણ કરવામાં આવેલ.

વિવિધ યોજનાઓ હેઠળ ગ્રામીણ વિદ્યુતીકરણ ક્ષેત્રે નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ૨૪,૦૩૭ નવા ઘરોમાં વીજ પહોંચાડવામાં આવી હતી, જે નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન ૧૫,૫૪૫ હતી.

રેવેન્યુ ક્ષેત્રે એચ.ટી./ઈ.એચ.ટી. અને એલ.ટી.નું એસેમેન્ટ કુલ રૂપિયા ૮,૫૪૫.૯૬ કરોડ પહોંચ્યું હતું, જે નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન રૂપિયા ૭,૯૭૩.૬૪ કરોડ હતું. નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન કલેક્શન ૧૦૦.૩૫ ટકા રહ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૩૧-૦૩-૨૦૧૭ના રોજ કંપની કુલ ૩૩,૩૯,૮૫૪ ગ્રાહકો છે જે ગત વર્ષે ૩૨,૦૦,૨૦૬ હતા.

આ અહેવાલ મુજબ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન કંપનીને ૧૩માં નેશનલ એવોર્ડ ફોર એક્સેલેન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ ફોર પબ્લિક સર્વિસ સેક્ટર (લાર્જ) કેટેગરીમાં પહેલો ક્રમ આપવામાં આવ્યો હતો. કંપનીને ૯માં ઈન્ડિયા પાવર એવોર્ડ ૨૦૧૬માં બેસ્ટ ઓવરઓલ પરફોર્મન્સ ઈન પ્રાઈવેટ સેક્ટર એન્ડ પી.એસ.યુ. કેટેગરીમાં એવોર્ડ પણ એનાયત થયો હતો અને સી.બી.આઈ.પી. એવોર્ડ - બેસ્ટ પરફોર્મિંગ પાવર યુટીલીટીની કેટેગરીમાં પણ મળ્યો હતો. ■





# નિવૃત્ત થનાર કર્મચારીઓનો વિદાય સમારંભ

**શ્રી જી. કે. સંઘવી, કાર્યપાલક ઈજનેર, શ્રી બી. એસ. ચૌધરી, અધિક્ષક (હિસાબનીશ), શ્રી કે. એસ. પટેલ, અધિક્ષક (હિસાબનીશ), શ્રી કે. એસ. વઘવાડીયા, અધિક્ષક (હિસાબનીશ), શ્રી એલ. વી. પટેલ, નાયબ અધિક્ષક (હિસાબનીશ) અને શ્રી જી. એચ. જાની, સિનિયર આસિસ્ટન્ટનો વિદાય સમારંભ**

યુજીવીસીએલની રજીસ્ટર્ડ અને કોર્પોરેટ, મહેસાણા ખાતેની કચેરીમાં એકાઉટન્ટ વિભાગ, લિગલ વિભાગ અને વહીવટીય વિભાગમાં ફરજ બજાવતા અને તારીખ ૩૦-૦૬-૨૦૧૭ના રોજ વય મર્યાદાને લીધે નિવૃત્ત થતા કર્મચારીઓના સન્માનમાં કંપનીના કોન્ફરન્સ હોલ ખાતે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના વિશેષ મુખ્ય ઈજનેર (પીએન્ડપી), શ્રી એન. સી. મકવાણાના અધ્યક્ષ સ્થાને સન્માન સમારંભની શરૂઆત કરવામા આવેલ. આ પ્રસંગે વિશેષ મહાપ્રબંધક, શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ), શ્રી પી. જે. ત્રિવેદી, નાયબ મહા પ્રબંધક, શ્રી એન. બી. બલાત, કંટ્રોલર ઓફ એકાઉન્ટસ, શ્રી કે. બી. મેવાડા, ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારી ભાઈઓ તથા બહેનોએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ.

શ્રી કે. બી. મેવાડાએ પ્રાસંગિક પ્રવચનમાં ઉપસ્થિત મહાનુભાવોને આવકારી નિવૃત્ત થતા કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવેલ.

નિવૃત્ત થઈ રહેલ દરેક કર્મચારીને પુષ્પગુચ્છથી શ્રી એ. સી. પ્રજાપતિ દ્વારા સન્માનિત કરવામાં આવેલ. શ્રી પી. જે. ત્રિવેદી દ્વારા શ્રી જી. કે. સંઘવી તથા શ્રી બી. એસ. ચૌધરીને

















શાલ ઓઢાડીને સાકર અને સિક્કો આપીને સન્માન કરવામાં આવેલ. શ્રી એન. બી. બલાત દ્વારા શ્રી કે. એસ. પટેલ તથા શ્રી કે. એસ. વઘવાડીયાને શાલ ઓઢાડીને સાકર અને સિક્કો આપવામાં આવેલ. તદ્ઉપરાંત શ્રી પી. પી. બારોટ દ્વારા શ્રી એલ. વી. પટેલ તથા શ્રી જી. એચ. જાનીને શાલ ઓઢાડીને સાકર અને સિક્કો આપીને સન્માન કરેલ.

ત્યારબાદ શ્રી કે. બી. મેવાડાએ વિદાય થઈ રહેલ કર્મચારી ભાઈઓને ચેક અર્પણ કરે અને શ્રી એન. સી. મકવાણાએ નિવૃત્ત કર્મચારીઓને સન્માનપત્ર અર્પણ કરેલ.

શ્રી કે. બી. મેવાડા, શ્રી પી. પી. બારોટ, શ્રી બી. ડી. મોરી અને શ્રી બી. જે. ચૌધરીએ વિદાયમાન લેતા સાથી અધિકારી/કર્મચારીઓના પ્રતિભાવ વ્યકત કરેલ. ત્યારબાદ વિદાય થનાર અધિકારી/કર્મચારીઓએ પોતાના પ્રતિભાવો વ્યક્ત કરેલ અને કારકિર્દી દરમ્યાન સાથ અને સહકાર આપનાર તમામ કર્મચારીઓ અને અધિકારીઓનો હૃદયપૂર્વક આભાર માનેલ. અધ્યક્ષ સ્થાનેથી શ્રી એન. સી. મકવાણાએ નિવૃત્તિ લઈ રહેલ દરેક કર્મચારીનું શેષ જીવન સુખ, શાંતિ, સમૃદ્ધિ, નિરોગી અને આરોગ્યપ્રદ રહે તેવી શુભેચ્છા પાઠવેલ તથા તેઓની સેવાને બિરદાવી હતી.

અંતમા શ્રી એ. કે. ચૌધરી અધિક્ષક(હિસાબનીશ)એ આ કાર્યક્રમમાં ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓનો આભાર માન્યો હતો.

કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન શ્રી હિતેશભાઈ એન. ભાવસાર (એ.એસ.) અને તેમની ટીમ દ્વારા સફળતાથી હાથ ધરવામાં આવ્યું હતું. ■

# યુજીવીસીએલ દ્વારા બારમી ઈન્ટર સર્કલ
# કેરમ ટૂર્નામેન્ટનું આયોજન

પાલનપુર વર્તુળ કચેરીના યજમાનપદ હેઠળ બારમી ઈન્ટર સર્કલ કેરમ ટૂર્નામેન્ટનું આયોજન તા. ૨૪-૦૬-૨૦૧૭થી ૨૫-૦૬-૨૦૧૭ દરમિયાન શક્તિપીઠ અંબાજી મુકામે શ્રી કાળીદાસ મિસ્ત્રી ભવન ખાતે યોજાયું હતું. જેમાં આંતર કંપની વિજેતા ખેલાડીઓના નામની યાદી જાહેર કરવામાં આવી હતી.



### આંતર કંપની કેરમ ટૂર્નામેન્ટ મહિલા ખેલાડીઓની યાદી

| નામ | હોદો | કામનું સ્થળ |
|---|---|---|
| એચ.એ. ચાવડા | પ્યુન | સર્કલ ઓફિસ, સાબરમતી |
| ડી.એન. દવે | સિનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી, સાબરમતી |
| એન.જી. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી, મહેસાણા |
| એમ.પી. ભટ્ટ | ડે.સુ.એ. | આરએસઓ, મહેસાણા |

### આંતર કંપની કેરમ ટૂર્નામેન્ટન પુરુષ ખેલાડીઓની યાદી

| નામ | હોદો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી કે.એન. રાવલ | સી.સ્ટેનો | સર્કલ ઓફિસ, સાબરમતી |
| શ્રી જી.એસ. વોરા | ડે.સુ.એ | સર્કલ ઓફિસ, સાબરમતી |
| શ્રી એમ.પી. ભીલ | પ્યુન | વિભાગીય કચેરી, સિધ્ધપુર |
| શ્રી એસ.એ. ઠાકોર | પ્યુન | સર્કલ ઓફિસ, સાબરમતી |
| શ્રી એમ.પી. ગજેરા | જુનિયર આસિસ્ટન્ટ | સર્કલ ઓફિસ, સાબરમતી |
| શ્રી સી.એમ. દેસાઈ | સિનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી પાલનપુર-૧ |

### આંતર કંપની કેરમ ટૂર્નામેન્ટ સ્ટેન્ડબાય પુરુષ ખેલાડીઓની યાદી

| નામ | હોદો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી જે.એન. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | સર્કલ ઓફિસ, મહેસાણા |
| શ્રી સી.કે. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | સર્કલ ઓફિસ, મહેસાણા |

### આંતર કંપની કેરમ ટૂર્નામેન્ટ સ્ટેન્ડ બાય મહિલા ખેલાડીઓની યાદી

| નામ | હોદો | કામનું સ્થળ |
|---|---|---|
| બી.ડી. વ્યાસ | જુનિયર આસિસ્ટન્ટ | સર્કલ ઓફિસ, મહેસાણા |
| પી.કે. પરમાર | જુનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી, સાબરમતી |

## બારમી ઈન્ટર સર્કલ બ્રીજ ટૂર્નામેન્ટ

### મહેસાણા વર્તુળ કચેરી ચેમ્પિયન, મહેસાણા રજીસ્ટર્ડ કચેરી રનર્સ અપ

તા. ૪/૦૬/૨૦૧૭ના રોજ મહુડી ખાતે આસ્થા ભવનમાં ઉત્તર ગુજરાત વીજકંપની લિ.ની ૧૨મી ઈન્ટર સર્કલ બ્રીજ ટૂર્નામેન્ટનું આયોજન વર્તુળ કચેરી, મહેસાણાના યજમાન પદે કરવામાં આવેલ. કંપનીના તાબા હેઠળની પાલનપુર, મહેસાણા, હિંમતનગર તથા કોર્પોરેટ ઓફિસની ટીમોએ ભાગ લીધેલ. જેમાં શ્રી કે.એમ. પટેલ, બ્રીજ રમતના નિષ્ણાંત તેમ જ તજ્જ્ઞ હોઈ તેઓને તટસ્થ નિર્ણાયક તરીકેની કામગીરી સોંપવામાં આવેલ. જેમાં તેમણે મહેસાણા વર્તુળ કચેરી ચેમ્પિયન ટીમ અને મહેસાણા રજી. કચેરી રનર્સ અપ ટીમ જાહેર કરેલ અને આંતર કંપની માટે પસંદગી કરવામાં આવેલ ખેલાડીઓના નામ જાહેર કરેલ.

**બ્રીજ ટૂર્નામેન્ટ આંતરકંપની માટે પસંદગી પામેલ ખેલાડીઓની યાદી**

- શ્રી એ.કે. પટેલ, જુનિયર ડ્રા. મેન
  વર્તુળ કચેરી, મહેસાણા.
- શ્રી આર.એસ. મોઢ, જુનિયર આસિસ્ટન્ટ
  વિભાગીય કચેરી, મહેસાણા
- શ્રી સી.વી. જોષી, કાર્યપાલક ઈજનેર
  વિભાગીય કચેરી, પાટણ
- શ્રી આર.એન. મોઢ, નાયબ ઈજનેર
  વિભાગીય કચેરી, પાટણ
- શ્રી કે.આઈ. પટેલ, જુનિયર ઈજનેર
  રજીસ્ટર્ડ કચેરી, મહેસાણા
- શ્રી એન.આર પટેલ, જુનિયર પ્રોગ્રામર
  રજીસ્ટર્ડ કેચેરી, મહેસાણા

**સ્ટેન્ડ બાય**

- શ્રી બી.એ. પટેલ, જુ.ઈ., રજી. કચેરી, મહેસાણા
- શ્રી વી.સી. પટેલ, જુ.ઈ., રજી. કચેરી, મહેસાણા




## યુજીવીસીએલ પરિવારનું ગૌરવ



**ચિ. હર્ષ** બી.ઈ. (સિવિલ)
**ગ્રેડ : સીપીઆઈ-૮.૩૩**
સીજીપીએ-૭.૪૪
**વાલી :** શ્રી રાજેશ શુકલ
**હોદો :** સી.આસિ., સીસીસેલ, આરએન્ડસી ઓફિસ, મહેસાણા.



**ચિ. સચી** સીબીએસઈ
(એસએસસીઈ બોર્ડ)
**ગ્રેડ-સીજીપીએ-૧૦**
**વાલી :** શ્રીમતી રમીલાબેન
**હોદો :** ડેપ્યુટી એન્જિનીયર
કોમર્સ સેક્શન, આરએન્ડસી ઓફિસ, મહેસાણા.



**ચિ. વિશેષ** એચએસસી
(ધોરણ-૧૨) સાયન્સ
**પર્સન્ટાઈલ રેંક-૯૪.૬૫**
**વાલી :** શ્રી જયેશભાઈ દરજી
**હોદો :** સુપ્રિટેન્ડિંગ એન્જિનીયર
આરએન્ડસી ઓફિસ, મહેસાણા.



**ચિ. રીચા**
માસ્ટર ઓફ કમ્પ્યુટર સાયન્સ
આઈઆઈટી, શિકાગો, યુએસએ
**વાલી :** શ્રી ચેતનકુમાર ગાંધી
**હોદો :** સુપ્રિટેન્ડિંગ એન્જિનીયર,
આર.ઈ., આરએન્ડસી ઓફિસ, મહેસાણા.



**ચિ. રીમા**
માસ્ટર ઓફ કમ્પ્યુટર સાયન્સ,
આઈઆઈટી, શિકાગો, યુએસએ
**વાલી :** શ્રી ચેતનકુમાર ગાંધી
**હોદો :** સુપ્રિટેન્ડિંગ એન્જિનીયર,
આર.ઈ, આરએન્ડસી ઓફિસ, મહેસાણા.



**વીજળીમાં છે આપણું ભાવિ બદલવાની શક્તિ.**
**વીજળીનો સમજપૂર્વક ઉપયોગ**
**વધારશે દેશની શક્તિ.**

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

UGVCL

આપણું
યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.


**cs@ugvcl.in**
**managercc@ugvcl.in**
**rbshukla.cccell@gmail.com**
**cccell@ugvcl.com**